# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN OVERALL

રાજ્યમાં ફરી વરસાદનું જોર વધતા આજે બપોરે 2 વાગ્યા સુધીમાં 153 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ સવા ચાર ઇંચ જેટલો વરસાદ વલસાડના ધરમપુર તાલુકામાં થયાના અહેવાલ છે. જ્યારે વલસાડના પારડી અને જુનાગઢના ભેસણ તાલુકામાં ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો. આ સિવાય નવસારીના ખેરગામ , તાપીના વ્યારા સહિત આઠ તાલુકામાં બેથી ત્રણ ઇંચ જેટલો વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ ઓગણએંસી ટકા જેટલો વરસાદ નોંધાઈ ગયો છે.

મહીસાગરમાં રાજ્યના ત્રીજા નંબરના કડાણા બંધમાં નવા નીરની આવક થતાં છ દરવાજા ચાર ફૂટ સુધી ખોલી 39 હજાર 600 ક્યૂસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું.

**(V/C- KAUSHISH JOSHI, PTC, MAHISAGAR)**

મહેસાણામાં આ મોસમમાં 72 ટકા વરસાદ વરસી ગયો છે . સત-લાસણામાં 100 ટકાથી વધુ અને જોટાણામાં 52 ટકા વરસાદ થયો છે . ધરોઈ બંધમાં હાલ ઓગણસાઇઠ હજાર ક્યૂસેક પાણીની નોંધાતા બંધમાં 94 ટકાથી વધુ પાણીનો જથ્થો એકઠો થયો. બંધની સપાટી પણ 620 ફૂટે પહોંચી છે. તેના કારણે નદી કાંઠાના ગામડાઓને સતર્ક કરાયા હતા. પાણીની આવકને લઈ રાત્રે બંધના બે દરવાજા ખોલાયા.

તાપીમાં પણ ગત પાંચ દિવસથી સાર્વત્રિક વરસાદ થઈ રહ્યો છે. આજે સવારથી વ્યારા અને સોનગઢ પંથકમાં ધોધમાર વરસાદ થતાં આ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોને અસર થઈ છે.

વરસાદને કારણે રાજ્યના 58 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. દરમિયાન 77 બંધ હાઈ-અલર્ટ પર રખાયા છે. બીજી તરફ , રાજ્યમાં અત્યારે પાંચ રાજ્ય ધોરીમાર્ગ સહિત 146 જેટલા માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે.

. . . .

# AMRELI BOAT

અમરેલીમાં જાફરાબાદના દરિયામાં મંગળવારે ડૂબી ગયેલી હોડીમાં 11 ખલાસી ગુમ થયા હતા. તટરક્ષકને ગઈકાલે બે ખલાસીના મૃતદેહ મળી આવ્યા હતા. આ મૃતદેહને કિનારે લાવીને તેમના પરિવારને સોંપાયા છે. હજી પણ ગુમ થયેલા નવ ખલાસીની શોધખોળ ચાલી રહી છે.

. . . . .

# RAIN FORECAST

હવામાન વિભાગે આગામી 28 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે સાબરકાંઠા , જુનાગઢ , ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આજે અતિભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, પોરબંદર , રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં આજે ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ 26 તારીખ સુધી દરિયો ન ખેડવા હવામાન વિભાગે સૂચના આપી છે.

. . . .

# RUSHIKESH PATEL PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25 અને 26 ઑગસ્ટ બે દિવસે રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. શ્રી મોદી અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદને અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે. જ્યારે દક્ષિણ —પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

શ્રી મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ 281 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 243 કરોડ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ G.U.D.A. દ્વારા 38 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીના બે દિવસના પ્રવાસ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

. .

# ZIMBABWE DELEGATION SURAT

ઝિમ્બાબ્વેના ઉપ-રાષ્ટ્રપ્રમુખ ડૉક્ટર C.G.D.N. ચિવેન્ગા, તેમનાં ધર્મપત્ની, ઝિમ્બાબ્વેના પ્રતિનિધિમડળ સાથે સુરતના બે દિવસના પ્રવાસે આવ્યાં છે. આજે પહેલા દિવસે તેમણે હીરા અને ટેક્સટાઈલ એકમ તથા સુમૂલ ડેરીની મુલાકાત લીધી. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના આમંત્રણથી તેઓ સુરતના મહેમાન બન્યા છે.

. . .

# CHHOTA UDEPUR HEALTH CENTRE

છોટાઉદેપુરમાં ફતેપુરા પાંજરાપોળ ખાતે આજે નગરપાલિકાનાં પ્રમુખનાં હસ્તે આરોગ્ય પેટા કેન્દ્રનું લોકાર્પણ કરાયું. આ કેન્દ્રથી ગુરુકૃપા , ફતેપુરા, પાંજરાપોળ, ગંજી ફળિયા, શહીદનગર અને કસબા જેલરોડ વિસ્તારના અંદાજે નવ હજાર જેટલા લોકોને લાભ થશે. આ કેન્દ્રમાં મમતા દિવસ , N.C.D. તપાસ અને આરોગ્યલક્ષી તમામ સેવાઓ અપાશે.

. . .

# BHAVNAGAR-BHADARVI AMAVASYA FAIR

આજે શ્રાવણ માસના અંતિમ દિવસે ભાવનગર જિલ્લાના નિષ્કલંક મહાદેવ મંદિર,  કોળિયાક ખાતે હજારો ભક્તોએ દર્શન અને સમુદ્ર સ્નાન કરી ધન્યતા અનુભવી.

ઉપરાંત સિહોરના ઐતિહાસિક બ્રહ્મકુંડ ખાતે ભવ્ય ભાતીગળ મેળો યોજાશે તેમજ તાલુકાના પાટણા (ભાલ) ખાતે આવેલા  પાર્થેશ્વર મહાદેવ ખાતે મેળો ભરાશે. ગોપનાથ તીર્થમાં બે દિવસનો "ભાદરવી અમાસ" નો મેળો ચૌદશની રાત્રિ દરમિયાન પણ ચાલુ રહે છે.જે આજે અમાસના દિવસે બપોર સુધી ચાલુ રહેશે.

કોળિયાક ગામે આજે શ્રદ્ધાળુઓને કોઈ પ્રકારની અગવડ ન પડે એ માટે ગ્રામ પંચાયત દ્વારા 24 કલાક માટે કંટ્રોલરૂમ પણ શરૂ કરાયો છે.

. . . . .